હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

ડેડી, ચિત્તો લાવ્યા...!! જી.એસ.ટીથી મેળ ન પડ્યો..!!

વિશ્વકર્મા જયંતિની ઉજવણી સેક્ટર-૧૨ વિશ્વકર્મા ભવન ખાતે કરવામાં આવી હતી. આ અવસરે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા.

મગોડી હાઈસ્કૂલમાં જિલ્લાકક્ષાનો કલા મહાકુંભ યોજાયો.....

ગાંધીનગર, તા. ૧૮

મગોડી સ્થિત પી.આર. ઠક્કર વિદ્યાવિહારમાં ગાંધીનગર જિલ્લાકક્ષાનો કલા મહાકુંભ યોજાયો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે ધારાસભ્ય શંભુજી ઠાકોર, અગ્રણી ઉદ્યોગપતિ બાબુભાઈ કે. પટેલ, પ્રો. ડો. પરેશભાઈ ડી. પટેલ, રમતગમત અધિકારી તેજલબા વાઘેલા, જિલ્લા વ્યાયામ મંડળના પ્રમુખ આર.કે. ચૌધરી, શૈલેષભાઈ પટેલ, મંડળના પ્રમુખ તેમજ ગાંધીનગર જિલ્લાની વિવિધ શાળાઓમાંથી લગભગ ૭૦૦ વિદ્યાર્થીઓએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. કાર્યક્રમને સફળ બનાવવા માટે આચાર્ય મનુભાઈ પ્રજાપતિ તેમજ કન્વીનર જે.બી. ચૌધરી અને સમગ્ર સ્ટાફ પરિવારે ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

ગૂજરાત વિદ્યાપીઠના હિન્દીભવન દ્વારા હિન્દી પરીક્ષાઓ માટેની પૂર્વ તૈયારી કરાઈ

ગાંધીનગર, તા. ૧૮

મહાત્મા ગાંધી સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠના હિન્દીભવનની ગૂજરાત હિન્દી-હિન્દુસ્તાની પ્રચાર સમિતિના સંયોજક પ્રા. રમેશભાઈ મ. પટેલના માર્ગદર્શન પ્રમાણે હિન્દી ભાષાના પ્રચાર-પ્રસાર અર્થે રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં ચાલતાં પરીક્ષા કેન્દ્રોમાં શાળા-મહાશાળાઓના વિદ્યાર્થીઓ માટે હિન્દી પરીક્ષાઓ માટેની પૂર્વ તૈયારીઓ ચાલી રહી છે, જેમાં મુખ્યત્વે ધોરણ-૬ માટે હિન્દી બાલપોથી, ધોરણ-૭ માટે હિન્દી પહલી, ધોરણ-૮, ૯ અને ૧૦ માટે હિન્દી દૂસરી, ધોરણ-૧૧, ૧૨ માટે હિન્દી તીસરી અને ધોરણ-૧૨ પાસ તેમજ હિન્દી તીસરી પાસ હોય તેવા વિદ્યાર્થીઓ હિન્દી વિનિત પરીક્ષાઓ આપશે. આ પરીક્ષાઓની પૂર્વ તૈયારીમાં ગૂજરાત વિદ્યાપીઠના એમ.એ., એમ.એસ.ડબલ્યુના વિદ્યાર્થીઓ તેમના વર્ગકામ બાદ તેમજ શનિવાર, રવિવારના દિવસે હિન્દી પરીક્ષાઓ માટેની પૂર્વ તૈયારીમાં મદદરૂપ થઈ રહ્યા છે, નોંધનીય બાબત હોય તો તે છે કે મદદરૂપ થનાર વિદ્યાર્થીઓને એક કલાક કામગીરીના રૂ. ૫૦ ચૂકવવામાં આવે છે જેને ગૂજરાત વિદ્યાપીઠના કુલનાયક ડૉ. રાજેન્દ્ર ખીમાણીએ વિદ્યાર્થી સ્વાભિમાન શિષ્યવૃત્તિ નામ આપેલ છે. હિન્દી પ્રચાર-પ્રસાર પરીક્ષાઓ માટેનું સતત માર્ગદર્શન અને વ્યવસ્થાપનમાં કુલનાયક ડૉ. રાજેન્દ્ર ખીમાણીની મહત્વની ભૂમિકા રહી છે.

ચિલોડા ગ્રામ પંચાયત ખાતે પ્રિકોશન વેક્સિનેશન કેમ્પ યોજાયો

ગાંધીનગર, તા. ૧૮

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીજીના ૭૨મા જન્મ દિવસ નિમિત્તે ચિલોડા ગ્રામ પંચાયત ખાતે આરોગ્ય શાખા પ્રાંતિયા દ્વારા બુસ્ટર ડોઝ વેક્સિનેશનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ડૉ. કૌશલ નાયક તથા જિલ્લા કાનૂની સેવા સત્તામંડળના પી.એલ.વી. નટુભાઈ પટેલના સાથ-સહકારથી સેવાકીય પ્રવૃત્તિને બિરદાવવામાં આવી હતી.

પાંચ વર્ષમાં કર્મચારીઓને ત્રણ વખત પગાર વધારો અપાયો : ગુજકોમાસોલ

અડાલજ પાસે શારદામણી કોમ્યુનિટી સેન્ટર ખાતે ગુજકોમાસોલની વાર્ષિક સાધારણ સભા યોજાઈ

ગાંધીનગર, તા.૧૮

ગુજરાત સ્ટેટ કો.ઓપરેટીવ માર્કેટીંગ ફેડરેશન લિમિટેડ (ગુજકોમાસોલ) ની વાર્ષિક સાધારણ સભા આજે સવારે ૧૧ વાગે અડાલજ-કોબા માર્ગ પર શારદામણી કોમ્યુનીટી સેન્ટર ખાતે યોજાઈ હતી. આ પ્રસંગે ઈફકો-ગુજકોમાસોલના ચેરમેન દિલિપભાઈ સંઘાણી સહિત આગેવાનો હાજર રહ્યા હતા. જયારે રાજયભરમાંથી ગુજકોમાસોલના સભાસદો મોટીસંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર નજીક અડાલજ - કોબા માર્ગ પર અન્નપૂર્ણા ધામની પાસે શારદામણી કોમ્યુનીટી સેન્ટર ખાતે આયોજીત વાર્ષિક સાધારણ સભામાં રાજયભરમાંથી હજજારોની સંખ્યામાં ઉપસ્થિત રહેલા ગુજકોમાસોલના સભાસદોને સંબોધતા ગુજ કોમાસોલના વાઈસ ચેરમેન બિપિન પટેલે કહ્યું હતું કે મને વિશ્વાસ છે કે સહકારીતાને પગલે આવનારા સમયમાં

ગામડાઓની કાયાપલટ થઈ જશે. ગુજકોમાસોલ દ્વારા ખેડુતોને ઉત્તમ ગુણવત્તાનું બિયારણ મળે, જંતુનાશક દવાઓ મળે, ખેડુતોની આવકમાં ચારગણો વધારો થાય તે માટે હંમેશા પ્રયત્નો રહ્યા છે.

જયારે સંસ્થાના ચેરમેન દિલિપભાઈ સંઘાણીએ જણાવ્યું હતું કે વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સહકારીતા થી સમૃદ્ધીનું સુત્ર આપીને દેશને નવું સહકાર મંત્રાલય બનાવ્યું અને તેની જવાબદારી અમિતભાઈ શાહને સોંપી છે. જે આગળ જઈને દેશના વિકાસ સાથે મંત્ર બની જશે તેનો મને વિશ્વાસ છે. ગુજકોમાસોલ દ્વારા છેલ્લા પાંચ વર્ષમાં કર્મચારીઓને ત્રણવાર પગાર વધારો આપવામાં આવ્યો છે.જયારે ફિલ્ડ સહિતની કામગીરી કરતા કર્મચારીઓને પગલે સંસ્થાને ચણામાં રૂ.૩૦ કરોડ જેટલો નફો થયો છે. હવે સંસ્થાને મગફળીનું કામ મળ્યું છે. ત્યારે ધગશથી કામ કરતા કર્મચારીઓને વધારાનો પગાર આપવાનું નક્કી કરવામાં આવ્યું છે. તો બીજીતરફ કામગીરી ચોરી કરતા કર્મચારીઓ સામે પણ ગુજકોમાસોલ દ્વારા પગલા ભરવામાં આવશે. આ સાધારણ સભામાં સંસ્થાના ચેરમેન દિલિપભાઈ સંઘાણી, વાઈસ ચેરમેન બિપિનભાઈ પટેલ (ગોતા), અગ્રણી આગેવાન નરહરી અમીન સહિત મહાનુભાવો સહિત સભાસદો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

શહેરના વેપારીએ પ્રેમીકાના વિરહમાં એસિડ પીધું

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં કરીયાણાની દુકાન ચલાવતા ૪૪ વર્ષના વેપારીએ પરિણિત પ્રેમીકાના વિરહમાં પોતાની દુકાનમાં જ એસીડ પી આપઘાતનોપ્રયાસ કરતા ચકચાર મચી જવા પામી હતી. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસે ગુનો નોંધ્યો છે. જયારે સિવિલમાં પ્રાથમિક સારવાર બાદ વેપારી બનાસકાંઠાના એક શહેરની હોસ્પિટલમાં એડમીટ થયો હોવાનું પણ સામે આવ્યું છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ બનાસકાંઠાના વતની વેપારીના પરિવારમાં પત્ની અને ચાર બાળકો છે.જેનો પરિવાર વતનમાં રહે છે. જયારે વેપારી કુડાસણ ખાતે કરિયાણાની દુકાન ચલાવે છે અને એકલો જ રહે છે. ગત તા.૧૧ સપ્ટેમ્બરના રોજ વેપારીએ દુકાનમાં એસીડ પી આપઘાતનો પ્રયાસ કર્યો હતો. જેથી વેપારીને ગાંધીનગર સિવિલ સારવાર માટે એડમીટ કરવામાં આવ્યો હતો. તે સમયે પોલીસે સિવિલમાં જઈ નિવેદન લેતા વેપારીએ કબુલાત કરી હતી કે બનાસકાંઠાના એક શહેરી વિસ્તારમાં રહેતી મહિલા સાથે તેને પ્રેમ સંબંધ હતા. પરંતુ છેલ્લા વીસ દિવસથી પરણિત પ્રેમિકાએ સંબંધો તોડી નાખતાં તેની વિરહની વેદનામાં વેપારીએ એસીડ પી લીધુ હતું. જયારે વેપારીના સગાઓએ પણ પ્રેમપ્રકરણ હોવાનું જણાવ્યું હતું. ત્યારે વેપારીએ તેની પ્રેમીકાના વિરહમાં એસીડ પીધુ હોવાનું પોલીસે જણાવ્યું હતું. જયારે બનાસકાંઠાની ખાનગી હોસ્પિટલમાં એડમીટ વેપારી જણાવી રહ્યો છે કે કોઈ અજાણી મહિલાએ એસિડ આપતા હું પી ગયો હતો. જયારે પોલીસે બનાવ અંગે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

કુડાસણ પાસે ખેતરમાં બર્થ ડે ઉજવણીમાં યુવતિ મુદ્દે માથાકુટ થતા ધોકાવાળી અમદાવાદથી આવેલા ત્રણ મિત્રો પૈકી એક હાથમાં આવતા બંન્ને હાથે ફ્રેકચર

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરના કુડાસણ પાસે ખેતરમાં જન્મદિવસની પાર્ટીની ઉજવણી કરવા એકત્રીત થયેલા મિત્રો વચ્ચે છોકરી મુદ્દે શાબ્દિક બોલાચાલી બાદ ધોકાવાળી થઈ હતી. અમદાવાદ થી જન્મદિવસની ઉજવણી માટે આવેલા યુવકોપૈકી એકને ગાંધીનગરના યુવાનોએ ધોકાવાળી કરતા એક યુવકના બંન્ને હાથે ફ્રેકચર થયું છે. જયારે યુવકનો આઈફોન, અઢી તોલાની સોનાની ચેઈન અને કાનની બુટ્ટી પણ મારામારી ક્યાંક પડી ગઈ છે. બનાવ અંગે યુવકે ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાવી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદના આયોજનનગરમાં રહેતો નિકુંજસિંહ વિજયસિંહ વાઘેલા વિંજોલ ગામ એસપી રીંગરોડ પર શાલીન હાઈટ્સ ખાતે શ્રી મહાકાલ ફાયનાન્સ નામની દુકાનમાં નોકરી કરે છે.ગઈકાલે રાત્રીના બે વાગ્યાના અરસામાં નિકુંજસિંહ તેના મિત્ર રોનક રાણાનો બર્થ ડે હોવાથી અન્ય મિત્ર રાજ રાઠોડની વર્ના કાર લઈને ગાંધીનગર આવ્યા હતા. જયાં તેમનો કોમન મિત્ર વિપુલ ઠાકોર કુડાસણ પેટ્રોલ પંપ પાસેના ખેતરમાં લઈ ગયો હતો. ચારેય મિત્રો જન્મદિવસની ઉજવણી કરી રહ્યા હતા તે સમયે વિપુલ અને રોનક વચ્ચે છોકરી મુદ્દે માથાકુટ કરી રહ્યા હતા. જેથી નિકુંજ અને રાજ બંન્ને સમજાવતા હતા. જો કે વિપુલ ઠાકોર અને રોનક વચ્ચે વાતાવરણ ઉગ્ર થઈ જતા ગાળાગાળી શરુ થઈ ગઈ હતી. વિપુલે ફોન કરી બે મિત્રોને બોલાવી લીધા હતા. જેથી ત્રણેય જણા લાકડાના ધોકા હાથમાં લઈ મારતા જતા રાજ અને રોનક ભાગી ગયા હતા. પણ નિકુંજ હાથમાં આવી જતા ત્રણેય જણાએ ધોકાવાળી કરી ઢોર મારમાર્યો હતો. ત્યરબાદ ત્રણેય જતા જતા વર્ના કારને પણ નુકશાન કરી જાનથી મારી નાંખવાની ધમકી આપી ગયા હતા. નિકુંજને ઈજા પહોંચી હોવાથી જેમ તેમ કરી રોડ પર આવ્યો હતો. જયા કોઈ વ્યકિતએ ૧૦૮ને કોલ કરી બોલાવતા સારવાર માટે સિવિલ લઈ ગયા હતા. જયાં તેની પીઠના પાછળના ભાગે ૧૫ થી ૨૦ ઉજરડાના નિશાનો તેમજ બંન્ને હાથે ફ્રેકચર થયા હોવાથી સારવાર શરુ કરવામાં આવી હતી.જયારે બનાવ અંગે નિકુંજે ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

ચિલોડા ગામવાડી ખાતે સ્વચ્છતા હી સેવા ઝુંબેશ અભિયાન વિવિધ કાર્યક્રમો

ગાંધીનગર, તા. ૧૮

ગાંધીનગર તાલુકાના ચિલોડા ગામવાડી ખાતે મહાત્મા ગાંધી સ્વચ્છ ભારત મિશન ગ્રામીણ અંતર્ગત સ્વચ્છતા હી સેવા અભિયાન અનુસંધાને વિવિધ કાર્યક્રમમાં મુખ્ય મહેમાનપદે ગાંધીનગર તાલુકા પંચાયતના તાલુકા વિકાસ અધિકારી વિનોદભાઈ જોષી, ગ્રામ વિકાસ એજન્સી ડાયરેક્ટર બી.કે. પટેલ, એ.પી.ઓ. ગાંધીનગર ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ખાસ શ્રમદાન દ્વારા ગ્રામ સફાઈ, સ્વચ્છતાનું મહત્વ વિશે સમજણ અને માર્ગદર્શન અપાયું હતું. ગામના મુખ્ય માર્ગોમાં કચરો વાળી શ્રમદાન કરવામાં આવ્યું હતું. શ્રમ એવ જયતે સુત્ર સાર્થક કર્યુ. નવનિર્મિત બોરની ઓરડીનું લોકાર્પણ તેમજ નર્મદાના પાણી માટે સોકપીટ બનાવવાનું વિધિવત મુહૂર્ત, ગામના સફાઈકર્મીનું સન્માન, શપથવિધિ સમારોહ, સ્વચ્છતા ત્યાં પ્રભુતાના મંત્રને ચરિતાર્થ કરાય સ્વચ્છ ગામ-સ્વસ્થ બનો, ગ્રામસફાઈ-વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. આ પ્રસંગે ગામના મહિલા સરપંચ શ્વેતલબેન જે. પટેલ, જયમીનભાઈ પટેલ તથા ગામના અગ્રણીઓ, તલાટી કમ મંત્રી અનિતાબેન પટેલ વગેરે ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

શેરથા ખાતે માલધારી મહા પંચાયતનું સંમેલન યોજાયું

સંમેલનમાં ઢોર નિયંત્રણ કાયદો રદ કરવા અને માલધારીઓને ખેડૂતોનો દરજ્જો આપવા માંગ : સરકાર માંગણી નહીં સ્વીકારે તો રાજ્યવ્યાપી આંદોલન અને ચક્કાજામની ચિમકી

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરના શેરથા ખાતે ગુજરાત માલધારી મહા પંચાયત દ્વારા યોજવામાં આવેલ વેદના સંમેલનમાં મોટી સંખ્યામાં ઉમટી પડેલા માલધારી-પશુપાલકોએ ઢોર નિયંત્રણ કાયદો રદ કરવાની માંગ સાથે પશુપાલનના વ્યવસાયને ખેત આધારિત હોવાથી માલધારીઓને પણ ખેડૂતની વ્યાખ્યામાં સમાવેશ કરવાની માંગ કરી હતી. આ સાથે માલધારી આગેવાનોએ જો તેમની માંગણીઓ સ્વીકારવામાં નહીં આવે તો સરકાર સામે બાંયો ચડાવી રાજયવ્યાપી આંદોલન અને ચક્કાજામ કરવાની ચીમકી પણ ઉચ્ચારી હતી. આ સંમેલનમાં માલધારી સમાજના ધારાસભ્યો સહિત અગ્રણીઓ તેમજ માલધારી સમાજના ધર્મગુરૂઓ પણ ઉપસ્થિત રહયા હતા. ગુજરાત

માલધારી મહાપંચાયતના વેદના સંમેલનમાં માલધારી અગ્રણીઓ દ્વારા રાજય સરકારની શહેરી ઢોર નિયંત્રણ કાયદાને સંપૂર્ણ નાબુદ કરવા, ગીર બરડા આલેચના માલધારીઓના કુટુંબોને એસટીનો દરજ્જો પુન સ્થાપિત કરવા, માલધારી ગોપાલક મંડળીઓને ફડચામાંથી બહાર લાવી તેને જપ્ત કરાયેલી જમીન પરત કરવા, નંદી હોસ્ટેલ, વસાહત શહેરની બહાર પુન સ્થાપિત કરવા માટે વ્યવસ્થા કરવા, શહેરી વિસ્તારમાં ઘર આંગણેથી ગેરકાયદેસર પ્રવૃતિ બંધ કરવા અને શહેરમાં કામ કરવા દેવા તેમજ પશુપાલનના વ્યવસાય ખેતી આધારિત હોવાથી માલધારીઓને ખેડૂતની

વ્યાખ્યામાં સમાવેશ કરવા સાથે જાતિ આધારિત જન ગણના કરી પંચાયત સ્વાયત સંસ્થાઓ સહકારી ક્ષેત્રમાં ૨૭ ટકા ઓબીસી અનામત આપવા સહિતની માંગો રજુ કરવામાં આવી હતી. જો આ માંગોને સરકાર ના સ્વીકારે તો રાજયભરમાં માલધારીના આંદોલનની અને ચક્કાજામની ચીમકી પણ ઉચ્ચારવામાં આવી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે માલધારી મહાપંચાયતના સંમેલનમાં કોંગ્રેસી નેતાઓની મોટી સંખ્યામાં હાજરી જોઈ ભાજપે સંમેલનને ચૂંટણીલક્ષી જ ગણાવ્યું હતું.

વડાપ્રધાનના જન્મદિને રેડક્રોસે આરોગ્ય સેવાયજ્ઞ યોજ્યો

ગાંધીનગર, તા. ૧૮

દેશના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીના તા. ૧૭મી સપ્ટેમ્બરે જન્મ દિવસે ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી ગાંધીનગર જિલ્લા શાખાએ આરોગ્ય સેવા યજ્ઞ રૂપે ઉજવ્યો હતો. જેમાં સવારે ૯ થી ૧૨ દરમિયાન સરકારી વિજ્ઞાન કોલેજ, આઈ.આઈ.ટી., મધુરરેરી, પટેલવાડી, ડભોડા (હનુમાન મંદિર), સમર્પણ બાપુ કોલેજ ખાતે રક્તદાન કેમ્પો યોજાયા. કુલ ૪૭૩ બોટલ રક્ત એકત્ર કરાયુ હતુ. કેન્સરના દર્દીઓ, થેલેસેમિયાના દર્દીઓ અને ગર્ભસ્થ મહિલાઓ માટે ઉપયોગમાં લેવાશે. સરકારી વિજ્ઞાન કોલેજ ખાતે અંગ દાન અને ચક્ષુદાન ફોર્મ ભરાવવામાં આવ્યા હતા. સમર્પણ બાપુ કોલેજ ખાતે મેડિકલ કેમ્પ, થેલેસિમિયા પરીક્ષણ કેમ્પ જેમાં ૨૩૦ વિદ્યાર્થીઓએ પરીક્ષણ કરાવ્યુ. ડૉ. ડી.એ. રતાણી (એમડી) દ્વારા ૩૦૦ દિકરીઓને ગાયનેક સમસ્યા બાબતે સમજ આપવામાં આવી અને તેઓના પ્રશ્નોનું નિરાકરણ કરવામાં આવ્યુ હતુ. દરેક કોલેજ અને સંસ્થાના પદાધિકારીઓ અને સ્ટાફની મદદ મળી હતી. રેડક્રોસ જિલ્લા શાખાના ડૉ. તરપદા, અશ્વિન દવે, લક્ષ્મણ કંસારા, નિલેન્દુ, વોરા, ગિરીશભાઈ ત્રિવેદી, ભૂપેન્દ્ર મહેતા, જયંતીભાઈ વઘાસીયા, ડૉ. રમિલાબેન પટેલ, કિરણસિંહ વાઘેલા અને હર્ષાબા ધાંધલે અલગ-અલગ જગ્યાએ સેવાઓ બજાવી હતી. દરેક રક્તદાતાઓને પ્રમાણપત્ર મોમેન્ટો અને નાસ્તાની વ્યવસ્થા અને આયોજન ચેરમેન જીલુભા ધાંધલ દ્વારા કરવામાં આવી હતી.

મોટી આદરજ ગામે થી બે ઈકો ગાડીના સાયલેન્સરની ચોરી

ગાંધીનગર, તા.૧૮

ગાંધીનગરના મોટી આદરજ ગામમાંથી બે ઈકો કારના સાયલેન્સરની ચોરી થવા પામી છે. પેથાપુર પોલીસ મથકે રૂ.૩૦ હજારના સાયલેન્સર ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના મોટી આદરજ ગામે બપામાનું પરૂ ખાતે મોરાલગીરી કૈલાશગીરી ગોસ્વામી પરિવાર સાથે રહે છે અને પુજાપાઠ કરી ગુજરાન ચલાવે છે. ત્યારે પોતાના ઘર વપરાશ માટે ઈકો ગાડી નં.જી.જે.૦૯.બી.જી.-૧૬૩૭ નો ઉપયોગ કરવામાં આવે છે. ગત તા.૧૬ સપ્ટેમ્બરના રોજ મોરાલગીરી ઈકો લઈને ગાંધીનગર તાલુકા પંચાયત ગયા હતા અને સાંજના આશરે છ વાગ્યાના સુમારે ઈકો ગાડી ચામુંડા માતાના મંદિરના કંમ્પાઉન્ડમાં મુકી હતી. જયારે રાત્રીના ૧૦ વાગ્યા સુધી ઘરના સભ્યો જાગતા હતા. ત્યારબાદ પરિવારના સભ્યો સુઈ ગયા હતા. તા.૧૭ ના રોજ સવારે ઈકો ગાડી શરુ કરતા અવાજ બદલાયેલ લાગ્યો હતો. જેથી ગાડી ચેક કરતા સાયલેન્સર જણાયું ન હતું. જયારે આસપાસના વિસ્તારમાં તપાસ કરતા સાયલેન્સર મળી આવ્યું ન હતું. જયારે મોટી આદરજ ગામે ઓધારજીના પરામાં રહેતા ઠાકોર દિનેશજી બળદેવજી ની ઈકો ગાડી નં. જી.જે.૧૮.બી.એચ.-૬૨૪૬ નું પણ સાયેલન્સરની ચોરી થઈ હતી. બનાવ અંગે પેથાપુર પોલીસ મથકે રૂ.૩૦ હજારના બે ઈકો ગાડીના સાયલેન્સર ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ટચૂકડી જાહેર ખબર

નામ બદલેલ છે

મારું નામ રૂષિકુમાર કિશોરે બારડ હતું જે બદલીને બારડ રૂષિ કિશોરભાઈ કરેલ છે. ઈ-૫૦૫, સુયશ સ્ટેટસ, ઉર્જાનગર-૧ સામે, રાંદેસણ રોડ, ગાંધીનગર-૩૮૨૦૦૭

ફોન : ૭૪૦૫૫૧૪૧૭૪